## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે ખબર પડી કે... રખડતી ગાયની લાતો ખાવી તો સારી... હવે જો આ નવો સિંહ છૂટ્યો તો આપણને આખે આખા ખાઈ જશે.

# સત્તાના નશા સાથે દારૂનો નશો ભળતા ભાજપનો કાર્યકર ભાન ભુલ્યો

**સે-૧૬ માં રસ્તા વચ્ચે ઉભી રાખેલી કારને આગળ લઈ જવાનુ કહેવા અધિકારીએ હોર્ન માર્યો એટલે કાર્યકરનો પીત્તો હટ્યો : નિવૃત આઈએએસ અધિકારીને જાહેરમાં તમાચા ઝીકીને કહ્યુ 'હું અહીંનો દાદો છું, તારા ટાંટીયા તોડી નાંખીશ' : કાર્યકરની ગાડીમાંથી બીયરના ટીન મળ્યા : ગભરાઈ ગયેલા અધિકારીએ સ્થળ છોડીને ભાગવુ પડ્યુ : પોલીસ ફરિયાદ નોંધાઈ**

રાજયના પાટનગરમાં સત્તાના નશા સાથે જ દારૂનો નશો ભળતા ભાજપનો એક કાર્યકર ભાન ભૂલી બેઠો હતો અને જાહેરમાં જ એક નિવૃત્ત આઈએએસ અધિકારીનો કોલર પકડીને બેફામ ગાળાગાળી કરવા લાગ્યો હતો. શહેરના સેક્ટર-૧૬ માં ગ્રીન એપલ હોટલ તરફ જતાં વળાંક પાસે જાહેરમાં નિવૃત આઈએએસ અધિકારીને તમાચા ઝીંકીને પીધેલા ભાજપના કાર્યકરે કહી દીધું હતું કે 'હું અહી નો દાદો છું, તારા ટાંટિયા તોડી નાખીશ'. રસ્તા વચ્ચે ઉભી રાખેલી કારને આગળ લઈ જવાનું કહેવા અધિકારીએ હોર્ન માર્યો એટલે ભાજપના કાર્યકરનો પીત્તો હટ્યો હતો. ભાજપના કાર્યકરનો વટ અને દાદાગીરી જોઈને ગભરાઈ ગયેલા નિવૃત્ત આઈએએસ અધિકારીએ ત્યાંથી ભાગવું પડ્યું હતું. આખરે આ મામલે નિવૃત્ત અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ભાજપનો આ કાર્યકર ફુલ પીધેલી હાલતમાં હતો અને તેની ગાડીમાં પણ બીયરના ટીન પડ્યા હતા તેવો ફરિયાદમાં પણ ઉલ્લેખ છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ બી ખાતે પ્લોટ નં. ૬૬૫ માં રહેતા પથુભા લાલુભા દરબાર નિવૃત આઈએએસ ઓફિસર છે. તેમણે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ભાજપના એક કાર્યકર સામે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ ગઈકાલે સાંજે આઠેક વાગ્યાના અરસામાં તેઓ ધો-૧૨માં અભ્યાસ કરતા પોતાના પૌત્ર ગૌરવને લેવા ગાડી લઈને સેક્ટર-૧૬ આર વર્લ્ડ-૧૬ નજીક આકાશ ઈન્સ્યુટીટ્યુટ તરફ જઈ રહ્યા હતા. ઘ-રોડ પરથી ગ્રીન એપલ હોટલ તરફ જતાં વળાંક પર રસ્તા વચ્ચે એક સ્વીફ્ટ ગાડી નંબર જીજે ૧૮ બીજે ૦૭૭૩ ઉભી હતી. વચોવચ ઊભેલી આ ગાડીને આગળ લેવા માટે નિવૃત અધિકારી પથુભા દરબારે હોર્ન મારીને ઈશારો કરતા સ્વીફ્ટ ગાડીમાં બેઠેલો ભાજપનો કાર્યકર ગાડીમાંથી ઉતરીને ગાળાગાળી કરવા લાગ્યો હતો અને નિવૃત અધિકારીની ગાડીની ચાવી ખેંચી લઈ 'કેમ હોર્ન મારીને મને હેરાન કરે છે' તેમ કહી લાતો મારવા લાગ્યો હતો. 'મારું નામ હિમાંશુ પટેલ છે ઉવારસદનો વતની છું તારે જે થોડું હોય તે તોડી લેજે અને ગાંધીનગરમાં દેખાયો તો તારા ટાંટીયા તોડી નાખીશ' તેમ કહીને ધમાલ શરૂ કરી દીધી હતી. ચિક્કાર દારૂ ઢીંચીને લથડિયા ખાતા આ શખ્સની ધમાલ જોઈને ટોળું એકત્ર થઈ ગયું હતું અને પથુભા દરબારને તે શખ્સથી છોડાવી ચાવી પરત અપાવી ત્યાંથી જતાં રહેવા સલાહ આપતા ગભરાઈ ગયેલા પથુભા ત્યાંથી પોતાની ગાડી લઈને પૌત્રને લેવા નીકળી ગયા હતા. પથુભા પોતાની ગાડી લઈને આકાશ ટ્યુશન ક્લાસીસ તરફ પૌત્રને લેવા પહોંચ્યા ત્યાં પણ આ શખ્સ પીછો કરતો કરતો તેમની પાસે પહોંચી ગયો અને ત્યાં ફરીથી બબાલ શરૂ કરીને જાહેરમાં ફેંટ પકડી ગાળાગાળી કરી નિવૃત અધિકારીને ગાલે તમાચા ઝીકી દીધા હતા. ત્યાં ફરીથી ધમકીઓ આપી હતી કે 'હું અહીંનો દાદો છું અને હજુ તું ઉભો રહે, તારા ટાંટિયા તોડવાના છે'. સત્તા અને દારૂના નશામાં ચૂર ભાજપના કાર્યકરની ધમકીઓથી ગભરાઈ ગયેલા નિવૃત આઈએએસ અધિકારી પથુભા દરબાર પોતાના પૌત્રને ટ્યુશન ક્લાસીસમાંથી લીધા વિના જ ગાડી લઈને ઘરે જતા રહ્યા હતા. મોડી રાત્રે નિવૃત અધિકારીએ આ ગંભીર મામલા અંગે જિલ્લા પોલીસ અધિક્ષકને ફોન કરીને જાણ કરી હતી અને ત્યારબાદ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપવા પણ ગયા હતા. પોલીસે આ મામલે ફરિયાદ લઈને ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ આરંભી છે.



### પોલીસે ગાડીમાંથી બીયર પકડી આરોપીની ધરપકડ કરી

નિવૃત આઈએએસ અધિકારી પથુભા દરબારે એસ.પીને ફોન કરીને આ ગંભીર મામલા અંગે જાણ કરી સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. એસ.પીની કડક સુચનાથી સે-૨૧ પોલીસ આ ફરિયાદને આધારે સ્થળ પર પહોંચી ગઈ હતી અને ધમાલ કરનાર ભાજપના કાર્યકર હિમાંશુ પટેલની સ્વીફ્ટ ગાડીનું ચેકિંગ કર્યું હતું. પોલીસે કરેલા ચેકિંગ દરમિયાન તેની સ્વિફ્ટ ગાડીમાંથી એક બીયરનું ટીન મળી આવ્યુ હતુ. પોલીસે બીયરના ટીન સાથે ગાડી જપ્ત કરી હિમાંશુ પટેલ સામે નિવૃત અધિકારી પર હુમલા અને પ્રોહિબિશન બંને ગુના દાખલ કરીને તેની ધરપકડ કરી લઈ સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધો છે.



શહેરમાં વાદળછાયા વાતાવરણમાં સેકટર-૧ના તળાવે કારેલા, દૂધી, સરગવો, ગાજર વગેરેનો જયુસ દસ રૂપિયે ચાના ભાવે મળે છે તે પ્રસંગની તસવીર.

## સાદરા-અલુવા પુલ બનાવવા ૬૦ ગામોમાંથી રજુઆત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના સાદરાથી સાબરમતી નદી ઉપર સામે છેડે આવેલા અલુવા ગામ વચ્ચે પુલ બનાવવા માટે છેલ્લા ઘણા સમયથી રજુઆતો કરેલ છે. આ અંગે આ વિસ્તારના ધારાસભ્યો મારફતે પણ સકકારમાં રજુઆત કરવામાં આવી છે. તંત્ર દ્વારા સર્વે કરવામાં આવેલ છે. પરંતુ કોઈ કારણોસર આ પુલની મંજુરી મળતી નથી. બંને બાજુ સ્થળોની આસપાસના ૬૦ જેટલા ગામોએ વર્ષોથી રજુઆત કરી છે. પરંતુ કોઈ હિલચાલ થતી નથી.

સાદરા અને આજુબાજુના ગ્રામજનોને માણસા, વિજાપુર જવા માટે વાયા ગાંધીનગર થઈને જવુ પડે છે. સમય વધારે થાય છે. પૈસાનો વ્યય થાય છે. સાદરા ગામે પ્રસિદ્ધ મંદિર જક્ષણી માતાજીના પ્રસિદ્ધ મંદિરમાં બાધા માનતા માટે દર્શનાર્થીઓએ વાયા ચિલોડા ગાંધીનગર થઈને જવું પડે છે.

સને ૨૦૧૨ની સાલમાં ૬૦ કરતાયે વધારે ગામના સરપંચોની રજુઆત થતાં સરકારશ્રીએ આ પુલની સૈદ્ધાંતિક મંજુરી પણ આપી દીધી છે. જેના ભાગરૂપે અવારનવાર અધિકારીઓ દ્વારા સર્વે પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. પરંતુ કામગીરી હજુ હાથ પર લેવામાં આવતી નથી. આજુબાજુની ગામ જનતાને આ પુલ બને તો સમય તેમજ નાણાંનો વ્યય થતો અટકે તેવી ગ્રામજનોની માંગણી છે.

## મગ અને અડદની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયના ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્યમાં મગ તથા અડદની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે માટે પહેલી ડિસેમ્બરથી રજિસ્ટ્રેશન થશે અને ૧૦મી ડિસેમ્બર સુધી ૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ખરીદી કરાશે. રાજ્યમાં મગ અને ૩૦ તથા અડદ માટે ૬૨ મળી કુલ ૯૯ ખરીદ કેન્દ્રો કાર્યરત કરીને ટેકાના ભાવે ખરીદી કરાશે એમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા કેએમએસ-૧૮માં લઘુત્તમ ટેકાના ભાવે મગ રૂપિયા ૬૯૭૫ પ્રતિ ક્વિન્ટલ અને અડદ રૂપિયા ૫૬૦૦ પ્રતિ ક્વિન્ટલ ખરીદી કરવાનું નક્કી કરાયું છે જે ખેડૂતો પોતાનો મગ-અડદનો જથ્થો વેચવા માંગતા હોય તેઓએ આઈપીડીએસ પોર્ટલ પર ઓનલાઈન ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન ૧-૧૨-૧૮થી શરૂ કરી ૩૧-૧૨-૧૮ સુધી થઈ શકશે તથા રજિસ્ટ્રેશન માટે ખેડૂતોએ ચાલુ વર્ષમાં મગ તથા અડદના વાવેતરના ઉલ્લેખ સાથેના નમૂના ૭/૧૨, ૫-અ, આધાર કાર્ડ તથા બેંકની વિગતો રજૂ કરવાની રહેશે. ૭/૧૨માં વાવેતરનો ઉલ્લેખ ના હોય તો વાવેતર અંગે તલાટી અથવા ગ્રામ સેવકનો દાખલો રજૂ કરવાનો રહેશે. મગ તથા અડદનો જથ્થો ભારત સરકાર દ્વારા નિયત કરેલ ધારા ધોરણ અનુસાર ફેર એવરેજ ક્વોલિટી મુજબનો ખરીદવામાં આવશે. આ અંગે ખેડૂતોએ વધુ વિગતો માટે નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના તાલુકા ગોડાઉનના મેનેજર તથા જિલ્લા કચેરીના નાયબ જિલ્લા મેનેજરનો સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

## ટેકાના ભાવે ૨૦૪.૯૧ લાખની મગફળીની સરકારે ખરીદી કરી

ગાંધીનગર,તા.૨૭

રાજય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ થી ૨૮ નવેમ્બર સુધીમાં રાજ્યભરમાં ૨૦૪૬૨ ખેડૂતો પાસેથી ૨૦૪.૯૧ લાખની ૪૦૯૮૨૫ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઈ છે.

## માણસામાં ચાલી રહેલી પિતૃ મોક્ષાર્થેની ભાગવત કથાથી સમગ્ર પંથકમાં ભક્તિનો માહોલ

માણસા, તા. ૨૮

માણસા શહેરના મકાખાડ રોડ પર વડીલોનો વિસામો એવા આનંદી માના વડલી માતૃ પિતૃ મોક્ષાર્થે ચાલી રહેલી ભાગવત કથામાં યજમાનોની સાથે-સાથે પ્રજાજનો પણ એટલા ભક્તિમય બની ગયા છે કે સમગ્ર પંથકનો માહોલ ધાર્મિક વાતાવરણની સુગંધમાં બળી ગયો છે અને કથાની સાથે સાથે આયોજકો દ્વારા સેવાકીય પ્રવૃતિઓ પણ થતી જોઈ લોકો પણ આશ્ચર્યચકિત થઈ અહોભાવ વ્યક્ત કરી રહ્યા છે.

માણસા શહેરના આનંદીમાના વડલે મુખ્ય યજમાન એવા કાંતિલાલ મહાશંકર વ્યાસ પરિવાર દ્વારા તેઓની સાથે સાથે માતૃ પિતૃ મોક્ષાર્થે ૧૦૦૮ કરતા પણ વધુ પરિવારોએ પોતાના પિતૃઓના મોક્ષ અર્થે આ કથામાં સહભાગી બની ૨૪ તારીખથી શરૂ થયેલ આ ભાગવત કથામાં આચાર્ય નિકુંજ મહારાજના કંઠેથી વહેતી વધુ પાણીની કથાને શ્રવણ કરી પોતાની જાતને ધન્ય માની રહ્યા છે. આ કાર્યક્રમમાં સાયલા ગાદી પતિ દુર્ગાદાસજી મહારાજ તેમજ દેશ-વિદેશ સહિત સમગ્ર પંથકમાં લોક શ્રદ્ધા ધરાવતા ચુંદડીવાળા માતાજી સહિતના અનેક સંતો મહંતો અને સાથે સાથે મોટા રાજકીય આગેવાનો પણ આ કથામાં અલગ અલગ દિવસે શ્રવણનો લાભ લઈ રહ્યા છે. બે દિવસ અગાઉ સુપ્રસિદ્ધ ગાયક પાર્થિવ ગોહિલની હાજરી તેમજ ગતરોજ દિલ ડોલાવી દે તો અને વાસ્તવિક નજર સામે જાણે ભગવાનનો જન્મ થઈ રહ્યો હોય તેમ ગાયક વિક્રમ લાબડીયા ગ્રુપ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ભવ્ય કાર્યક્રમ પણ ઉજવવામાં આવ્યો હતો. આમ સમગ્ર પંથકમાં હજારો ભક્તોની હાજરીમાં સમગ્ર વાતાવરણ જાણે ભાગવત કથામાં તલ્લીન અને તરબોળ બની ભક્તિમય બની ગયું છે.

આ અંગે કથાના મુખ્ય યજમાન પરિવારના અને સમગ્ર આયોજન કરતા વિઘ્નેશ્વરી પરિવારના માનદ મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યું હતું કે કથાની સાથે સાથે આ સંસ્થા સતત સેવા સાથે જોડાયેલું હોય વિવિધ સેવાકીય પ્રવૃતિઓ જેવી કે કથા ચાલે ત્યાં સુધી તમામ દિવસ સ્વાસ્થ્યવર્ધક ઉકાળાનું વિતરણ, રક્તદાન શિબિર તેમજ નિશુલ્ક આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ પણ યોજવામાં આવી રહ્યા છે અને આ કથામાં આવતા તમામ યજમાનો તેમજ તમામ ભાવિક ભક્તો સહિતના લોકો માટે સુંદર નિશુલ્ક ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## વેગન-આરમાં આવીને એક્ટિવા ઉઠાવતી ગેંગ ઝડપાઈ

**કુડાસણ નજીક વાવ પાર્લર પાસેથી એક્ટિવા ઉઠાવી જનાર બે ઝડપાયા : એક ફરાર**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં વાહન ચોરીના બનાવો વધી ગયા છે ત્યારે પોલીસ તેને પકડવા સીસીટીવી ફૂટેજના અભ્યાસ પણ કરી રહી છે. જેમાં એવું પણ જાણવા મળ્યું છે કેવાહન ચોરવા માટે આવતી ગેંગ ફોર વ્હીલર લઈને આવે છે અને તેમાંથી ઉતરીને નજીકનું કોઈ એક વાહન ટાર્ગેટ કરી તેનું લોક તોડી ઉઠાવી જાય છે. ગાંધીનગર એલસીબીએ આવી જ એક ગેંગના બે સાગરીતોને દબોચી લીધા છે.

ચોરીના એક્ટિવા સાથે જઈ રહેલાં આ બંને શખ્સોને એલસીબીની ટીમ સરગાસણ રોડ પર ગરનાળા પાસેથી પકડી પુછપરછ કરતાં તેમણે કબુલાત કરી છેકે વેગેનઆર કાર લઈને તે બંને અન્ય એકસાગરીત સાથે મળીને કુડાસણ રિલાયન્સ ચોકડી પાસે આવેલા વાવ પાર્લસ નજીકથી તેમણે આ એક્ટિવા ઉઠાવ્યું હતું. એલસીબીની ટીમે બંનેની ધરપકડ કરી એક્ટિવા રિવકર કરી વધુ પુછપરછ હાથ ધરી છે.




એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમ મંગળવારે સરગાસણ નજીક પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ધિરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે સરગાસણ રોડ પર ગરનાળા પાસેથી પસાર થઈ રહેલા બે યુવાન ચોરીનું એક્ટિવા લઈને જઈ રહ્યાં છે. જેના આધારે વોચ ગોઠવીને ટીમે સરગાસણના સૌદર્ય ૪૪૪ ફ્લેટ નં-જી-૪૦૨માં રહેતા દર્શન ભૂપેન્દ્રભાઈ બારોટ અને અંકિત અલ્કેશકુમાર બારોટને જીજે-૧૮-એજે-૭૮૫૯ નંબરના એક્ટિવા સાથે પકડી પાડ્યા હતા. એલસીબીની ટીમે આ એક્ટિવાના આધાર પુરાવા માંગતા તેઓ આપી શક્યા ન હતા. બંનેની સઘન પુછપરછ કરતાં તેમણે કબુલાત કરી હતી કે આ એક્ટિવા બંનેએ અન્ય એક સાગરીત કરણસિંહ સાથે મળીને ચોરી કર્યું હતું. વેગનઆર ગાડીમાં જઈને આ ત્રિપુટીએ વાવ પાર્લર પાસે પાર્ક કરેલું આ એક્ટિવા ઉઠાવી લીધું હતું. જેના આધારે બંનેની ધરપકડ કરી ૧૫ હજારના ચોરીના એક્ટિવાને રિકવર આરોપીઓની વધુ પુછપરછ શરૂ કરી છે.

## ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

છેલ્લા ૧૯ વર્ષથી દલિત અને દલિત જેવી જ્ઞાતિના ઉત્કર્ષ માટે સતત કાર્યરત ડેમોક્રેટિક પિપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર સંસ્થાના સભ્યોનો સ્નેહમિલન સમારોહ ભાનુકાન્ત.પી.પરમાર (નિવૃત નાયબ સચિવ)ના અધ્યક્ષ સ્થાને આગામી તા.૩૦ નવેમ્બરને શુક્રવારના રોજ સાંજના ૩ થી ૬ કલાક દરમિયાન રામજી મંદિર સેકટર-૩ ડી ગાંધીનગર ખાતે યોજાશે.

## સ્વદેશી અપનાવી ગાંધીજીના સાચા સ્વરાજની સ્થાપના શક્ય : આચાર્ય સુનીલસાગરજી

**આચાર્ય સુનીલ સાગરજીએ રાષ્ટ્રપિતાની કર્મભૂમિ સાબરમતી આશ્રમની મુલાકાત લીધી**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીજીની ૧૫૦મી જયંતી વર્ષે જૈન સંત આચાર્ય સુનીલ સાગરજી મહરાજનો સસંઘ વિશાળ જનસમુદાય સાથે ભારતમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કર્મભૂમિ સાબરમતી આશ્રમમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ગિરનાર અહિંસા સદભાવના પદયાત્રા પ્રવાસે આવેલા આ સંઘને આશ્રમના નિયામક અતુલભાઈ પંડ્યા અને લતાબેને પ્રદર્શન તથા મહાત્મા ગાંધીજીની આ આશ્રમ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ વિગતોથી અવગત કરાવ્યા હતા. આચર્યએ ગાંધીજીનુ પ્રસિદ્ધ વાક્ય 'મારો જીવન એજ મારો સંદેશ' વાંચતા કહ્યું કે એવું આવો વ્યક્તિ જ કહી શકે જેને પોતાનુ જીવન પ્રામાણિકતાથી જીવ્યું હોય અને જેની કથની કરણીમાં સમાનતા હોય. ગાંધીજી કોઈથી દીક્ષિત થયા વગર પર અપરિગ્રહી અને સત્ય અહિંસાની આગ્રહી સંત હતા. પ્રભુ મહાવીરની પરસ્પરોપગ્રહો જીવાનામની સીખને ગાંધીજીએ રજોરજ પાલન કર્યું હતુ. વૈષ્ણવજન ગીત દ્વારા આચાર્યએ કહ્યું કે તેમના જીવનમાં પરાઈ પીડને ખૂબ જ પ્રાધાન્ય હતુ. તેમને પદ લોલુપતા નહોતી એટલે જ તે આઝાદીના જશ્ન વખતે નોઆખલીમાં રાષ્ટ્રીય એકતાની મથામણ કરતા હતા. ગાંધીજી અપરિગ્રહની અદ્ભુત મિશાલ હતા જો કોઈ પોતાની જરૂરિયાત કરતાં વધારે ગ્રહણ કરે છે તે બીજાને જરૂરિયાત પૂરી કરતા અટકાવે છે. ગાંધીજીના ૩ વાંદરામાં જો એક વાંદરો- કોઈનુ બુરો ના વિચારો ઉમેરી દેવાય તો વિકારો, વિભાવો, વૈર-વિરોધોનું ઉકેલ લાવી શકાય છે. સ્વદેશી આપનાવીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની સારી સેવા કરી શકાય છે નાગરિકોને આત્મનિર્ભર બનાવી ગાંધીજીના સાચા સ્વરાજની સ્થાપની શકાય છે. દેશ સ્વચ્છ બને, વ્યસનમુક્ત થાય, કન્યાભ્રૂણ હત્યામુક્ત થાય એવી મંગલ કામના આચાર્યએ આ પ્રસંગે વ્યક્ત કરી હતી.





### ડભોડા ખાતે ગાંધીનગર સિવિલ ડિફેન્સ દ્વારા પાંચ દિવસ તાલીમ કેમ્પ

ડભોડા સ્થિત હનુમાનજી મંદિરના અન્નક્ષેત્ર હોલ ખાતે યુવાનોને બેઝિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ દિવસ તાલીમ વર્ગમાં ડભોડા તથા અમદાવાદના ૫૦ જેટલા તાલીમાર્થીઓ રસપૂર્વક જોડાયા છે. આ તાલીમમાં કુદરતસર્જિત તથા માનવસર્જિત અઘટિત ઘટનાઓ જેવી કે પૂર, ભૂકંપ, આગના બનાવો તથા આફતોમાં સ્વબચાવ તથા રાહતકાર્યની વિશેષ કામગીરી અંગે સચોટ માર્ગદર્શન અને તાલીમ સિવિલ ડિફેન્સ ગાંધીનગરના પી.આઈ. ડી.એન. ઝાલા દ્વારા આપવામાં આવશે. આ તાલીમમાં ૧૫ વર્ષની ઉપરના તમામ ભાઈ બહેનો જોડાઈ શકશે. તાલીમ બાદ સરકાર દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. આ તાલીમ એક માનદસેવારૂપે હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## મુખ્ય સેવિકા વર્ગ-૩ ની પરીક્ષા રદ કરવા મહિલા ઉમેદવારોની માંગ

**પેપર સિલેબસ બહારનું પુછાયું હોવાનો ઉમેદવારોનો આક્ષેપ**

ગાંધીનગર, તા.૨૮

વર્ગ-૩ ની મુખ્ય સેવિકાની પરિક્ષા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં લાખો મહિલા ઉમેદવારોએ પરિક્ષા આપી હતી. આ ભરતી માટે મહિલાઓએ રાત-દિવસ એક કરીને પરિવારથી દુર રહીને પરિક્ષાની તૈયારીઓ કરી હતી. ત્યારે પરિક્ષામાં સિલેબસ બહારનું પુછવામાં આવ્યું હોવાનું તેમજ ગેરરીતી થઈ હોવાનું જણાવી મહિલા ઉમેદવારો બીજીવાર પરિક્ષા યોજાય તેવી માંગ કરી છે. આજે ગાંધીનગર શહેરના ટાઉનહોલ પાસે મહિલાઓ મોટીસંખ્યામાં એકઠી થઈ હતી અને તંત્રને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સમગ્ર ગુજરાતમાં તા. ૨૩-૧૧-૧૮ ના રોજ પંચાયત વિભાગની મુખ્ય સેવિકાની વર્ગ-૩ ની પરિક્ષા લેવામાં આવી હતી. આ પરિક્ષામાં રાજયભરમાંથી હજ્જારો મહિલા ઉમેદવારોએ પરિક્ષા આપી હતી. ત્યારે મુખ્ય સેવિકાની પરિક્ષાના મહિલા ઉમેદવારો આજે ગાંધીનગર ખાતે એકઠા થયા હતા અને પરિક્ષામાં ગેરરીતી થઈ હોવાના આક્ષેપ સાથે પરિક્ષા ફરિવાર લેવા માટે આવેદન પત્ર પાઠવ્યું હતું. જેમાં મહિલા ઉમેદવારો જણાવી રહ્યા છે કે રાત-દિવસ એક કરીને પરિક્ષાની તૈયારીઓ કરી હતી. પરિવારથી દુર રહીને હજ્જારો રૂપીયા ખર્ચ કરીને પરિક્ષાની તૈયારીમાં વ્યસ્ત બન્યા હતા.ત્યારે પરિક્ષામાં મુખ્ય સેવિકાની ફરજોને બદલે સિલેબસ બહારનુ પુછાયું હતું, તો બીજી તરફ કેટલાક ઉમેદવારોની હોલ ટીકીટ તેમજ પરિક્ષાના પેપરમાં પણ છબરડા હોવાનું જણાવ્યું હતું. જયારે હોલ ટીકીટમાં છબરડાને પગલે કેટલાક ઉમેદવારો પરિક્ષાથી વંચિત રહેવા પામ્યા હતા. રાજયમાં શિક્ષણનો વેપાર થઈ ગયો છે. જયારે પરિક્ષા પહેલા લાખો રૂપીયામાં પેપર વેચાય છે.રાજય સરકાર પારદર્શક પરિક્ષાની વાતો કરે છે. ત્યારે પરિક્ષામાં છબરડાને પગલે યોગ્ય નિર્ણય લઈ પરિક્ષા ફરીવાર લેવાય તેવી માંગ ઉમેદવારોએ કરી છે.